(ટૂંકી મુદ્દતની જાહેરાત)

ઈન્ડેક્ષ્ટ–સી
ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ
(ગુજરાત સરકારની સંસ્થા)

બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેકટર–૧૧, ગાંધીનગર,
વેબ સાઈટ : www.craftofgujarat.gujarat.gov.in
ઈ–મેઈલ: exdire-indext-c@gujarat.gov.in
ફોન નં.૦૭૯–૨૩૨૫૪૨૬૩

નવરાત્રી હસ્તકલા અને ખાદી મેળો–૨૦૧૭ માં ફુડ સ્ટોલ ભાડે રાખવા બાબત

ઈન્ડેક્ષ્ટ–સી મારફ્ત એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, હેલ્મેટ સર્કલ, અમદાવાદ ખાતે તા.૮–૦૯–૧૭ થી તા.૧૯–૦૯–૧૭ દરમ્યાન **"નવરાત્રી હસ્તકલા અને ખાદી મેળો–૨૦૧૭"**નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૦ નંગ ફુડ સ્ટોલ હરાજીથી કોઈ એક જ પાર્ટીને ભાડે આપવામાં આવનાર છે. ફુડ સ્ટોલમાં રસ ધરાવતા અનુભવી કેટરીંગ કોન્ટ્રાકટરો, નામાંકિત રેસ્ટોરન્ટ કે ડાયનીંગ હોલ ધરાવતાં માલિકો, સંસ્થાઓ વગેરે જાહેર હરાજીથી ફુડ સ્ટોલ રાખવા માંગતા હોય તેઓને **તા૦૭–૦૯–૨૦૧૭ ના રોજ સાંજના ૫.૦૦ કલાકે** (૧) ફુડ સ્ટોલનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ તથા (૨) આરોગ્ય ખાતાનું લાયસન્સના આધારો સાથે ઉપર દર્શાવેલ સરનામે રૂા.૨,૫૦૦/–(અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા)ની ઈન્ડેક્ષ્ટ–સીના નામની EMD ના ડ્રાફ્ટ સાથે નિયત નમૂનાના અરજી પત્રકમાં જરૂરી વિગતો ભરીને અરજી સાથે જાહેર હરાજી માટે ઉપસ્થિત રહેવા આથી જણાવવામાં આવે છે. અરજીપત્રક વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવાનું રહેશે.

એક્ઝીક્યુટીવ ડાયરેકટર

ઈન્ડેક્ષ–સી, ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ

(ગુજરાત સરકારની સંસ્થા)

બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેક્ટર–૧૧, ગાંધીનગર.

ફોન નં.૦૭૯–૨૩૨૫૪૨૬૩, ઈ–મેઈલ: exdire-indext-c@gujarat.gov.in

ઈન્ડેક્ષ–સી દ્વારા આયોજીત "નવરાત્રી હસ્તકલા અને ખાદી મેળો–૨૦૧૭"માં ફુડ સ્ટોલ લેવા માટેનું અરજી ફોર્મ

(૧) ફૂડ સ્ટોલની માંગણી કરનાર વ્યક્તિનું નામઃ– .....

(૨) સરનામુંઃ–.....

.....

(૩) સંપર્ક નંબરઃ લેન્ડલાઇન નંબરઃ ..... મોબાઇલ નંબર .....

ઇ–મેઇલ આઇ.ડી. .....

(૪) ફૂડ સ્ટોલ જે સંસ્થાના નામે મેળવવા માંગતા હોય તો તે સંસ્થાનું નામ અને સરનામુંઃ–

.....

.....

(૫) હેલ્થ વિભાગનું લાયસન્સ મેળવેલ છે ? હા / ના.

જો મેળવેલ હોય તો લાયસન્સ નંબર/તારીખઃ .....
(નકલ સામેલ કરવી)

(૬) ગુમાસ્તાધારાના લાયસન્સ મેળવેલ છે ? હા / ના.
જો મેળવેલ હોય તો લાયસન્સ નંબર/તારીખઃ .....
(નકલ સામેલ કરવી)

(૭) અગાઉ કોઇ મેળામાં ફુડ સ્ટોલ કરેલ હોય તો તેની વિગતઃ .....

(૮) અગાઉ ફુડ સ્ટોલમાં જે આઇટમો બનાવી હોય તેની વિગતઃ .....

(૯) ફૂડ સ્ટોલમાં જે આઈટમો બનાવવા માંગતા હોય તેની યાદીઃ .....

ફુડ સ્ટોલ મેળવવા અંગેની શરતોઃ–

૧. EMDના નિયત રકમના ઈન્ડેક્ષ–સીના નામના ડ્રાફ્ટ વગર હરાજીમાં ભાગ લઈ શકાશે નહી. ફુડ સ્ટોલ જાહેર હરાજીથી ફાળવવામાં આવશે.

૨ જાહેર હરાજી માટે અરજીપત્રકમાં દર્શાવેલ સરનામે પત્રથી અથવા મોબાઇલ/ફોન પર સમય, સ્થળની જાણ કરવામાં આવશે.

૩. જાહેર હરાજી કરવા માટેના ઈન્ડેક્ષ–સીના અધિકાર અબાધિત રહેશે.

૪. જાહેર હરાજીમાં સૌથી વધુ બોલી બોલનારે ફુડ સ્ટોલની ૧૦૦% રકમ તુરંત જ જમા કરાવવાની રહેશે. ૧૦૦% રકમ જમા થયા બાદ જ ફુડ સ્ટોલ મળી શકશે.

૫. હરાજીની ૧૦૦% રકમ ભરવામાં નહિ આવે તો અન્ય સૌથી વધારે કરતાં ત્યાર પછીની ઓછી રકમ બોલનારને સ્ટોલ ફાળવવામાં આવશે.

૬. જે સંસ્થાના નામે કોન્ટ્રાક્ટ મળે તેજ સંસ્થાના ડીસ્પ્લે બોર્ડ / બેનર સ્ટોલ પર મૂકવાના રહેશે. અન્ય સંસ્થા કે વ્યક્તિના નામના બેનર્સ / ડીસ્પ્લે બોર્ડ મુકી શકશે નહી.

૭. ફુડ સ્ટોલ અંગેની જે તે શહેર/નગરની આરોગ્ય ખાતાની મંજુરી મેળવવાની જવાબદારી અરજદારની રહેશે.

૮. આરોગ્ય ખાતાની મંજુરી મેળવેલ નહિ હોય અને જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપુર્ણ જવાબદારી ફુડ સ્ટોલ ધારકની રહેશે.

૯. ફુડ સ્ટોલ માટે લાઇટનું કનેકશન આપવામાં આવશે પરંતુ પાણીની તથા સફાઇની સગવડ ફુડ સ્ટોલ ધારકે કરવાની રહેશે.

૧૦. કોઇપણ સમયે આપની કામગીરી સંતોષકારક ન જણાય તો અગાઉના મેળા માટે જાહેર હરાજીમાંથી નામ રદબાતલ કરવામાં આવશે.

૧૧. જાહેર આરોગ્ય અને સ્વચ્છતાના નિયમોનું ચુસ્તપણે પાલન ફુડ સ્ટોલ ધારકે કરવાનું રહેશે.

૧૨. ફુડ સ્ટોલની આઇટમની ગુણવતા કે અન્ય કોઇ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તાત્કાલિક અસરથી તે બંધ કરવાની રહેશે.

૧૩. ફુડ સ્ટોલની આઇટમો વ્યાજબી ભાવથી સારી ગુણવતાવાળી આપવાની રહેશે અને સારી ગુણવતા જાળવવાની રહેશે.

૧૪. ફુડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ અન્વયે ના નોર્મ્સ નું અચુક પાલન કરવાનું રહેશે.

૧૫. પેક કરેલ ખાદ્ય પદાર્થો તથા બેવરેજીસ એમ.આર.પી. ભાવ થી વધારે ભાવે વેંચી શકાશે નહિ તથા મેનુ કાર્ડ રાખવાનું રહેશે.

ઉપરોકત તમામ શરતો અમોને કબુલ મંજુર છે. તેનું પાલન કરવા ખાત્રી આપું છું.

અરજદારની સહી .....

અરજદારનું નામઃ .....

અરજદાર જે સંસ્થાના નામે સ્ટોલ રાખવા માંગતા હોય તે સંસ્થાનો સિક્કોઃ .....

અરજીફોર્મ સાથે સામેલ કરવાની વિગતોઃ

(૧) સંસ્થાના રજીસ્ટ્રેશન ની નકલ
(૨) ગુમાસ્તાધારાના લાયસન્સની નકલ
(૩) આરોગ્યા ખાતાના લાયસન્સની નકલ
(૪) અનુભવની નકલ